

# ભારતને અનુભવી વિદેશમંત્રીની જરૂર છે...

**મણિલાલ એમ.** પટેલ

ભારત પર દબાણ કરીને અમેરિકા પાકિસ્તાન સાથે ભારતને વાટાઘાટો કરાવે છે. વાટાઘાટો જ્યારે જ્યારે પુનઃ શરૂ થાય ત્યારે શરૂઆત ભારત જેવા મોટા દેશના વિદેશ સચિવ અને વિદેશમંત્રી પહેલાં પાકિસ્તાન જાય છે. જાણે સારા સંબંધો અને શાંતિની વિશેષ જરૂર અને ગરજ ભારતને જ છે. અમેરિકા પાકિસ્તાનને વાટાઘાટો કરવા ભલે કહે પણ શસ્ત્રોનો જંગી જથ્થો અને આર્થિક સહાય પૂરી પાડીને બળતામાં ઘી હોમવાનું પણ ચાલુ રાખે છે.

પાકિસ્તાનમાં ગમે તે પક્ષની સરકાર આવે પણ લોકશાહી વ્યવસ્થા નહીં હોવાથી ત્યાં ભારત જેવું જવાબદારીનું તત્વ દેખાતું નથી. ભારતીય વિદેશમંત્રીની પાકિસ્તાનમાં હાજરી હોય છતાં પાકિસ્તાની વિદેશમંત્રી ભારતનાં વિદેશ સચિવની આતંકવાદી નેતા સાથે સરખામણી કરે યા ભારતના વિદેશમંત્રી પૂરતી તૈયારી વિના આવ્યા હોવાથી વારંવાર દિલ્હીને પૂછવું પડે છે તેવું બેજવાબદાર અને રાજકીય વિવેકની વિરૂદ્ધનું નિવેદન કરે તે બતાવે છે કે પાકિસ્તાન વાટાઘાટો બાબતે ગંભીર નથી. જ્યારે પુનઃ વાટાઘાટોનો દોર શરૂ થાય ત્યારે બેજવાબદાર નિવેદનો કે જે વાટાઘાટોને નુકસાન પહોંચાડે તેવાં હોય તેનાથી બન્ને પક્ષોએ દૂર રહેવું જોઈએ. પણ ભારતનાં આતંકને બચાવવા કરવા કાશ્મીરનો આતંક આઝાદીની લડાઈ છે તેવું વિશ્વને કહ્યા વિના તેમની પાસે બીજો વિકલ્પ નથી અને ત્યાંની જાસૂસી સંસ્થા ધન ખર્ચીને કાશ્મીરના નેતાઓ દ્વારા ત્યાંના યુવાનોને ગેરમાર્ગે દોરીને હિંસા ચાલુ રખાવે છે. જેથી વિશ્વભરમાં એવો સંદેશ જાય કે ભારતમાંનો આતંકવાદ એ આતંકવાદ નહીં પણ કાશ્મીરની આઝાદી માટેની ચળવળ છે. વાસ્તવમાં કાશ્મીરની પ્રજાએ લોકશાહી ઢબે ચૂંટેલી રાજ્ય સરકાર ત્યાં છે. એવું પાકિસ્તાન હેઠળના કાશ્મીરમાં નથી.

પાકિસ્તાનના કોઈ પણ રાજકીય પક્ષોના નેતાઓ, ધાર્મિક અગ્રણીઓ, લશ્કરી અધિકારીઓ કે માધ્યમોના પ્રતિનિધિઓ વાટાઘાટો કે બન્ને દેશો વચ્ચે સંબંધો સુધારવાની દિશામાં ગંભીર નથી. અને ત્યાં પ્રજાકીય અવાજને કોઈ અવકાશ નથી. આ સ્થિતિમાં ભારતે અમેરિકાની સલાહ મુજબ નહીં પણ પોતાની નીતિ અનુસાર પાકિસ્તાન સાથે વર્તવું જોઈએ. પાકિસ્તાન અમેરિકા અને ચીન બન્ને પાસેથી સહાય મેળવે છે. જ્યારે અમેરિકા, ચીન અને પાકિસ્તાન ત્રણેય સાથે મળીને ભારતને હમેશાં ઉલ્લુ બનાવે છે. વાટાઘાટો માટે ભારતને પ્રણવ મુકરજી જેવા સારા અને અનુભવી વિદેશ મંત્રીની જરૂર છે. કૃષ્ણા વિદેશમંત્રી તરીકે નિષ્ફળ ગયેલા છે. તેમની પાસે વિદેશનીતિનો અનુભવ, જ્ઞાન અને કુનેહનો અભાવ છે. ગૃહમંત્રી તરીકે શિવરાજની જગ્યાએ ચિદમ્બરમ્‌ની યોગ્ય પસંદગી થઈ તેમ વિદેશમંત્રી તરીકે પણ યોગ્ય અનુભવી અને પરિપકવ નેતાની જરૂર છે. ભારતને ભાંગરા વાટે તેવા નહીં પણ પાકિસ્તાનને પાઠ ભણાવે તેવા વિદેશમંત્રીની જરૂર છે.

## રૂપિયાની ડિઝાઈન દેશની દશા સુધારશે?

ભારત સરકારે રૂપિયાની ઓળખને ડૉલર, પાઉન્ડ, યેન, રૂબલ વગેરેની પેઠે વૈશ્વિક ઓળખ

પ્રાપ્ત થાય એટલે નવી ડિઝાઈનને સ્વીકૃતિ આપી છે. જેમાં મૂળ ભારતીય દેવનાગરી, અંગ્રેજી આર અને ત્રિરંગા ઝંડા જેવા આકાર ત્રણેયનો સમાવેશ થાય છે. આમ રૂપિયાના નવા ચિહ્નથી ભારતીય રૂપિયાની એક વૈશ્વિક ઓળખ ઊભી થશે તેનો આનંદ અને ગૌરવ લઈએ. જેમ આપણે વિકાસદર માટે ગૌરવ લઈએ છીએ તેમ રૂપિયાની નવી ઓળખનું પણ જરૂર ગૌરવ લઈએ.

આતો આપણે જાતે નક્કી કરવાનું હતું અને કર્યું એમાં કંઈ નવું નથી પણ યુનોની સ્થાયી સમિતિમાં હજુ વૈશ્વિક ઓળખ પ્રાપ્ત કરવાની બાકી છે. કેમ કે એ તો બીજા દેશોએ નક્કી કરવાનું છે કે ભારતને યુનોની સ્થાયી સમિતિમાં સ્થાન આપવું કે નહીં. હજી પાકિસ્તાન સામે નિર્ભિક અવાજ ઉઠાવતાં શીખવાનું છે અને કોઈની સાડાબારી વિના પાકિસ્તાનને પાઠ ભણાવીને વૈશ્વિક ઓળખ પ્રાપ્ત કરવાની જરૂર છે. દેશની પ્રજા કારમી મોંઘવારીનો ભાર વેઠીને બેવડી વળી ગઈ છે ત્યારે મોંઘવારી ઘટાડવી એ સાચી ઓળખ બનવી જોઈએ.

દેશમાં ૫૫% લોકો ગરીબ છે. તેમની ગરીબી હટાવવામાં જ આપણી સાચી ઓળખ વિશ્વમાં ઊભી થશે. રોજગારી વિના સામૂહિક પરિવારો અને ખેડૂતો આત્મહત્યા કરે છે તે અટકાવવાથી આપણી વૈશ્વિક ઓળખ ઊભી થશે. હજારો નિર્દોષ નાગરિકોને નક્સલીઓ મોતને ઘાટ ઉતારે છે તેનો સામનો કરવાથી જ આપણી સાચી ઓળખ ઊભી થશે. ઘર આંગણાના પ્રશ્નો ઉકેલ્યા વિના માત્ર રૂપિયાની ડિઝાઈન બદલવાથી આપણે વિશ્વમાં સમૃદ્ધ થઈ જવાના નથી. બાકી વૈશ્વિક ઓળખનાં ઠાલાં ગાણાં ગાવાથી કે ડિઝાઈન બદલવાથી કોઈ ઓળખ ઊભી થવાની નથી. આ માટે નિર્ણાયક અને દૃઢ સંકલ્પ શક્તિવાળા લોખંડી મનોબળ ધરાવતા રાજકીય નેતૃત્વની દેશને જરૂર છે. વિશ્વ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ ભારતના થવાથી ગૌરવ વધવાનું નથી. પણ ભાવો ઘટશે તો ગૌરવ વધશે.

## કર્ણાટકમાં ભાજપનો શરમજનક વર્તાવ

કર્ણાટકમાં છેલ્લાં થોડા દિવસથી ભાજપ સરકારના બે પ્રધાનો સામે વિધાનસભામાં વિપક્ષી વર્તાવ થઈ રહ્યો છે તે શરમજનક લાગે તો ય વાજબી છે. કેન્દ્ર સરકારમાં ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનાર વિપક્ષ ભાજપ કર્ણાટકમાં ભ્રષ્ટાચાર સામે સત્તાપક્ષ તરીકે પગલાં ભરતાં ખચકાય છે. રાજ્યની બંધારણીય વ્યક્તિઓ રાજ્યપાલ અને લોકાયુક્ત બન્ને સરકારની વિરુદ્ધમાં છે.

ભાજપ સરકારના જ બે રેડ્ડીબંધુ પ્રધાનો સામે ગેરકાયદેસર ખાણ ખોદકામ કરીને ખનિજ સંપત્તિ વેચવાના આરોપો છે. લોકાયુક્તે પકડેલું પાંચ લાખ ટન કાચું લોખંડ પણ આ બંધુમંત્રીઓએ વેચી દીધું છે. અને પોલીસ ફરિયાદ પણ થઈ નથી. આથી કંટાળીને લોકાયુક્તે રાજીનામું આપી દીધું હતું પણ છેવટે પાછું ખેંચ્યું છે. એ જ રીતે રાજ્યપાલ ખુદ રાષ્ટ્રપતિને મળ્યા છે. અને બન્ને પ્રધાનોને સરકારમાંથી દૂર કરવા ને પગલાં ભરવા રાષ્ટ્રપતિને પણ અનુરોધ કર્યો છે. આથી ભાજપે રાજ્યપાલને કેન્દ્રના એજન્ટ ગણાવ્યા છે.

મૂળ વાત ભાજપના ચારિત્રની છે. ભાજપનું મૂળ સંઘ છે અને સંઘ ભાજપને આગળ ધપાવવા પ્રયત્નશીલ છે ત્યારે ખુદ ભાજપ શાસિત રાજ્યમાં જ ગેરકાયદેસર ખાણ ખોદનારા પ્રધાન થઈ જાય છતાં ન તેમને અટકાવી શકે કે ન તેમને દૂર કરી શકે તે ભાજપનું દુર્ભાગ્ય છે. ભાજપ બે પ્રધાનોને દૂર કરે તો ત્યાં ભાજપની સરકાર તૂટી પડે તેમ છે. કેમ કે ૬૦થી વધુ સભ્યોનો રેડ્ડીબંધુઓ ટેકો ધરાવે છે. હવે જોવાનું એ છે કે ભાજપ ભ્રષ્ટાચારને પોષે છે કે રેડ્ડીબંધુઓને કાઢે છે. રેડ્ડીબંધુઓને દૂર કરીને સમગ્ર મામલાની સીબીઆઈ તપાસ કરાવવી જોઈએ. સંઘે પણ હવે સમજવાની જરૂર છે કે ભાજપમાં કેવા લોકો ઘૂસી ગયા છે કે જેમને લોકશાહી કે ભાજપના સિદ્ધાંતો સાથે સ્નાનસૂતકનોય સંબંધ નથી. હાલ તો ભાજપની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી કે સાપે છછૂંદર ગળ્યા જેવી છે. કર્ણાટકની ઘટના સૂચવે છે કે ભ્રષ્ટાચાર કે સત્તા ટકાવવામાં કોંગ્રેસ હોય કે ભાજપ તમામ પક્ષોના સિદ્ધાંતો આવ ભાઈ આપણે સૌ સરખા જેવા જ છે.

**દેશમાં ૫૫% લોકો ગરીબ છે. તેમની ગરીબી હટાવવામાં જ આપણી સાચી ઓળખ વિશ્વમાં ઊભી થશે. રોજગારી વિના સામૂહિક પરિવારો અને ખેડૂતો આત્મહત્યા કરે છે તે અટકાવવાથી આપણી વૈશ્વિક ઓળખ ઊભી થશે. હજારો નિર્દોષ નાગરિકોને નક્સલીઓ મોતને ઘાટ ઉતારે છે તેનો સામનો કરવાથી જ આપણી સાચી ઓળખ ઊભી થશે**

## અને અંતે

- ચીનમાં બે ભ્રષ્ટાચારીઓને ફાંસી અપાઈ. ભારતમાં કર્ણાટકમાં બે ભ્રષ્ટાચારી પ્રધાનોને કેન્દ્ર કે રાજ્ય સરકાર હટાવી શક્તી નથી!
- ભારત બંધથી દેશને ૧૩૦૦૦ કરોડનું નુકસાન થયું, છતાં બંધ સફળ રહ્યો કહેવાય! સફળતાની વ્યાખ્યા શું?

